બાપુનું 'ખામ' કાર્ડ ! આદિવાસી બેલ્ટમાં કોંગ્રેસ માટે પહેલો દાવ

શંકરસિંહ વાઘેલાના નિવેદનથી ગુજરાતનું રાજકારણ ગરમાયું : બ્રાહ્મણ-પાટીદાર સમાજમાં ઉગ્ર વિરોધ

બાપુનો પલટવાર- 'ડંકાની ચોટ પર બોલ્યો છું, માફીનો સવાલ જ નથી'

સાગબારાથી ઉઠેલો રાજકીય ધુમાડો 2027 સુધી પહોંચશે? આદિવાસી મતોને કોંગ્રેસ તરફ ખેંચવાની કવાયત કે સવર્ણ મતબેંકમાં ગાબડું પાડવાનો વ્યૂહ ?

ગાંધીનગરઃ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા 'બાપુ'ના એક નિવેદને રાજ્યના રાજકારણમાં ફરી એકવાર જૂના રાજકીય સમીકરણોની ચર્ચા છેડી દીધી છે. નર્મદા જિલ્લાના સાગબારા ખાતે આદિવાસી ખેડૂત સંમેલનમાં અનામતના સમર્થનમાં બોલતાં બાપુએ પટેલ, બ્રાહ્મણ અને વાણિયા સમાજને લઈને કરેલી ટિપ્પણી બાદ સવર્ણ સમાજમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન અને રેલીઓ શરૂ થઈ છે, જ્યારે બાપુએ માફી માંગવાનો સ્પષ્ટ ઈનકાર કરીને પોતાના નિવેદનનો બચાવ કર્યો છે. આ સમગ્ર ઘટનાએ 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં ગુજરાતના રાજકારણમાં ફરીથી 'ખામ'ની સંભાવનાઓ અંગે ચર્ચાને હવા આપી છે. સાગબારા ખાતે બાપુએ જણાવ્યું હતું કે આદિવાસી અને દલિતોને અનામત કોઈ મહેરબાની નથી, પરંતુ વર્ષોના અન્યાયનું વળતર છે. ત્યારબાદ પટેલ, વાણિયા અને બ્રાહ્મણ સમાજને લઈને કરેલી તેમની ટિપ્પણીથી વિવાદનો વંટોળ ઊભો થયો. સવર્ણ સમાજના સંગઠનોએ આ નિવેદનને સમાજનું અપમાન ગણાવી જાહેર માફીની માંગ કરી છે. પરંતુ વિરોધ વધતા શંકરસિંહ વાઘેલા પીછેહઠ કરવાના બદલે વધુ આક્રમક બન્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'ડંકાની ચોટ પર બોલ્યો છું, માફીનો સવાલ જ નથી.' તેમણે એવો પણ દાવો કર્યો કે તેઓ પટેલ, બ્રાહ્મણ કે કોઈ સમાજના વિરોધી નથી, પરંતુ ભાજપની અનામત નીતિના વિરોધી છે. ઉપરાંત EWS અને મહિલા અનામતના પણ તેઓ સમર્થક હોવાનું તેમણે જણાવ્યું છે.

બાપુનો નિશાન ભાજપ કે સવર્ણો?

વાઘેલાએ પોતાના નિવેદનને રાજકીય રંગ આપવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરતાં ભાજપ પર પ્રહાર કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, તેમનો હેતુ કોઈ સમાજનું અપમાન કરવાનો નહોતો, પરંતુ વર્ષોથી મેલું ઉપાડવાનું કામ કરનારા વર્ગને અનામત તેનો અધિકાર છે તે મુદ્દો સમજાવવાનો હતો. સાથે જ તેમણે ભાજપને અનામત વિરોધી ગણાવી પોતાના નિવેદનને લઈને ઊભા થયેલા વિવાદને ભાજપપ્રેરિત ગણાવ્યો છે. બાપુના આ પલટવારથી વિવાદ શમવાના બદલે વધુ રાજકીય બની ગયો છે. કારણ કે એક તરફ સવર્ણ સમાજના સંગઠનો તેમની સામે મેદાનમાં ઉતર્યા છે, તો બીજી તરફ વાઘેલાની આક્રમકતા પાછળનો રાજકીય સંદેશ પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે.

બ્રાહ્મણ-પાટીદાર સમાજમાં ભારે આક્રોશ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રદેશ પ્રમુખ શૈલેષ ઠાકર અને રાજકોટ બ્રહ્મ સમાજના અગ્રણી હિરેન જોષીએ બાપુના નિવેદન સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. બ્રહ્મ સમાજે ત્રણ દિવસમાં જાહેર માફી માંગવાની માંગ કરી છે અને માફી નહીં માંગવામાં આવે તો રાજ્યવ્યાપી આંદોલન કરવાની ચીમકી આપી છે. 'વસંત વગડો' બહાર પણ દેખાવો કરવાની ચેતવણી આપવામાં આવી છે.

પંચમહાલના ગોધરા અને નર્મદાના રાજપીપળા સહિતના વિસ્તારોમાં પાટીદાર અગ્રણીઓએ પણ બાપુના નિવેદન સામે વિરોધ નોંધાવ્યો છે. પાટીદાર અગ્રણી પરષોત્તમ પીપળીયાએ તો વાઘેલા કોંગ્રેસમાં ફરીથી પોતાની રાજકીય જગ્યા બનાવવા માટે હાઈકમાન્ડનું ધ્યાન ખેંચવા માટે આવા નિવેદનો કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. ક્ષત્રિય સંકલન સમિતિ સહિતના અન્ય સામાજિક સંગઠનોએ પણ નિવેદનની ટીકા કરી છે. રાજ્ય સરકાર તરફથી કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે પણ વાઘેલાને જવાબ આપતાં કહ્યું છે કે ગુજરાતમાં મેલું ઉપાડવાની પ્રથા હવે સદંતર બંધ છે અને બાપુ આ મુદ્દાને માત્ર રાજકીય મુદ્દો બનાવવા માગે છે. કેટલાક વિસ્તારોમાં વાઘેલા સામે કાનૂની ફરિયાદ કરવાની પ્રક્રિયા પણ શરૂ થયાની માહિતી સામે આવી છે.

પણ બાપુની નજર માત્ર વિવાદ પર નથી?

આ સમગ્ર ઘટનાનો સૌથી મોટો રાજકીય પ્રશ્ન એ છે કે શું શંકરસિંહ વાઘેલા ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં પોતાનું સ્થાન બનાવવા માટે જૂના સામાજિક સમીકરણોને સ્પર્શી રહ્યા છે ? 1995ના બળવા, 1996-97ના સત્તાકીય પ્રકરણ અને ત્યારબાદ 2016-17માં કોંગ્રેસમાં સક્રિય રાજકારણ સુધી બાપુ ગુજરાતના રાજકારણના મહત્વના ખેલાડી રહ્યા છે. હવે 2026-27માં ફરી સક્રિય થવાની તેમની હિલચાલ વચ્ચે સાગબારાનું નિવેદન માત્ર સામાજિક વિવાદ છે કે તેની પાછળ મોટો રાજકીય વ્યૂહ છે, તે સવાલ ઉઠી રહ્યો છે. ગુજરાતમાં કોંગ્રેસનું રાજકીય અસ્તિત્વ પડકારજનક તબક્કામાં છે. બીજી તરફ આદિવાસી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની હાજરી વધી રહી છે. આવી સ્થિતિમાં આદિવાસી બેલ્ટને ફરી કોંગ્રેસની પરંપરાગત રાજકીય છત્રછાયામાં લાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની ચર્ચા છે. શહેરો અને સવર્ણ સમાજમાં ભાજપની મજબૂત પકડ વચ્ચે કોંગ્રેસ માટે આદિવાસી, દલિત, ક્ષત્રિય અને મુસ્લિમ મતદારોનું જૂનું સામાજિક સમીકરણ ફરી ગોઠવવું રાજકીય રીતે મહત્વપૂર્ણ બની શકે છે.

સાગબારાથી ફરી ખામની ગુંજ?

ગુજરાતના રાજકારણમાં માધવસિંહ સોલંકીની ' ખામ ' થિયરીએ એક સમયે કોંગ્રેસને ઐતિહાસિક રાજકીય સફળતા અપાવી હતી. ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમ–આ ચાર મોટા સામાજિક વર્ગોને એક રાજકીય છત્ર હેઠળ લાવવાની આ વ્યૂહરચનાથી 1980ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે 182માંથી 141 બેઠકો જીતી હતી. હવે ચાર દાયકાથી વધુ સમય બાદ બાપુના સાગબારા નિવેદનને એ જ જૂના સામાજિક રાજકારણ સાથે જોડવામાં આવી રહ્યું છે. જોકે 1980 અને 2026 વચ્ચે ગુજરાતની રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં ધરખમ પરિવર્તન આવ્યું છે. ભાજપનું સંગઠન અને શાસકીય માળખું આજે અત્યંત મજબૂત છે, જ્યારે યુવા મતદારોના પ્રશ્નો અને રાજકીય પ્રાથમિકતાઓ પણ બદલાઈ છે. તેથી માત્ર જૂના ખામ સમીકરણને ફરી જીવંત કરવાથી રાજકીય પરિણામો બદલાઈ જશે કે નહીં તે મોટો સવાલ છે.

કોંગ્રેસનું મૌન પણ રાજકીય સંકેત?

સાગબારા કાર્યક્રમના મંચ પર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગ્રેસના આદિવાસી નેતાઓની હાજરી પણ હવે રાજકીય ચર્ચાનો મુદ્દો બની છે. કોંગ્રેસના નેતાઓએ આ વિવાદ પર મોટા પાયે મૌન જાળવ્યું છે. વાઘેલા કોંગ્રેસમાં સત્તાવાર રીતે સક્રિય થાય કે નહીં, પરંતુ તેમના નિવેદનથી આદિવાસી રાજકારણ અને અનામતનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. કોંગ્રેસ માટે આ વિવાદનું ગણિત પણ રસપ્રદ છે. સવર્ણ સમાજના મતોમાં મોટું ગાબડું પાડવું તેના માટે સરળ નથી, પરંતુ આદિવાસી વિસ્તારોમાં પોતાના પરંપરાગત પ્રભાવને મજબૂત કરવાની તક તેને મળી શકે છે. આથી વિવાદ જેટલો લાંબો ચાલે, તેટલો અનામત અને આદિવાસી અધિકારોનો મુદ્દો રાજકીય ચર્ચામાં જીવંત રહે તેવી ગણતરી પણ નકારી શકાય નહીં.

'બાપુ'ના પુનરાગમનની શરૂઆત કે અંતિમ દાવ?

શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાય છે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી, પરંતુ તેમની રાજકીય હાજરી માત્રથી ગુજરાતનું રાજકારણ સળવળી ગયું છે. એક સમયે નરેન્દ્ર મોદીને રાજકારણમાં સક્રિયપણે આગળ લાવનારા અને ત્યારબાદ વટ-સન્માનના સવાલે ભાજપથી અલગ થઈ પોતાની રાજકીય લડાઈ લડનારા બાપુ હવે ફરી એકવાર ગુજરાતની રાજકીય પટલ પર ચર્ચાના કેન્દ્રમાં છે. 1997માં રાધનપુરની પેટાચૂંટણીથી સત્તાના શિખર સુધી પહોંચેલા વાઘેલા માટે 2026-27નું રાજકારણ પોતાની રાજકીય પ્રાસંગિકતા ફરી સાબિત કરવાની કસોટી સમાન છે. તેમનું એક નિવેદન સવર્ણ સમાજમાં આક્રોશ જગાવી ચૂક્યું છે અને આદિવાસી રાજકારણમાં અનામતનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે સાગબારાથી ઉઠેલો આ રાજકીય અગ્નિ માત્ર એક નિવેદન પૂરતો રહેશે કે પછી અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં 2027ની ચૂંટણી પહેલાં નવા સામાજિક-રાજકીય સમીકરણો ઊભા કરશે ? બાપુએ પોતે તો કહી દીધું છે– 'માફીનો સવાલ જ નથી.' હવે તેમની આ રાજકીય 'બોલ્ડ ગેમ'નો લાભ કોને મળે છે અને નુકસાન કોને થાય છે, તેનો જવાબ 2027ની ચૂંટણીના મેદાનમાં જ મળશે.

મેલું ઉપાડવાના નિવેદન પર ઘેરાયેલા બાપુનો ખુલાસો : 'મારો ઈશારો ભાજપ સરકાર અને અનામત વિરોધીઓ તરફ હતો, હું કોઈ સમાજનો વિરોધી નથી'

નર્મદાના સાગબારામાં આદિવાસી ખેડૂતોની સભામાં 'મેલું ઉપાડવા' અંગે કરેલી ટિપ્પણીથી રાજ્યભરમાં સવર્ણ સમાજના વિરોધનો સામનો કરી રહેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ હવે પોતાના નિવેદનનો ખુલાસો કરતાં માફી માંગવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. બાપુએ કહ્યું હતું કે તેમણે કોઈ સમાજને ટાર્ગેટ કરીને વાત કરી નથી, પરંતુ અનામતનો વિરોધ કરનારા અને ભાજપ સરકારના સંદર્ભમાં આ વાત કરી હતી. સાથે જ તેમણે પોતાના નિવેદન પર અડગ રહેતાં કહ્યું કે 'હું ક્યારેય નિવેદન ફેરવી તોળતો નથી, જે બોલ્યો છું તે ડંકાની ચોટ પર બોલ્યો છું, એટલે માફી માંગવાનો સવાલ જ નથી.' શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે દુઃખી આદિવાસી ખેડૂતો સાથેના સંવાદ દરમિયાન તેમણે જે વાત કરી હતી તેને ભાજપના લોકો સમજ્યા વગર મુદ્દો બનાવી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, વર્ષો સુધી જે લોકો મેલું ઉપાડતા રહ્યા અને સામાજિક અન્યાય તથા અપમાન સહન કરતા રહ્યા, તેમને મળતું અનામત કોઈ મહેરબાની નહીં, પરંતુ એ અન્યાયનું વળતર છે. વાઘેલાએ દાવો કર્યો કે તેમનું નિવેદન મૂળભૂત રીતે અનામત વિરોધીઓ માટે હતું.

બ્રહ્મ સમાજનું ત્રણ દિવસનું અલ્ટિમેટમ

વાઘેલાના નિવેદન સામે બ્રહ્મ સમાજ સહિત સવર્ણ સમાજના અગ્રણીઓએ આકરી પ્રતિક્રિયા આપી છે. બ્રહ્મ સમાજના આગેવાનોએ નિવેદનને વર્ગવિગ્રહ અને સમાજમાં વૈમનસ્ય ઊભું કરવાનો પ્રયાસ ગણાવી જાહેર માફીની માંગ કરી છે. ત્રણ દિવસમાં માફી નહીં માંગે તો ગાંધીનગર સ્થિત વાઘેલાના નિવાસસ્થાન 'વસંત વગડો' બહાર દેખાવો કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. પાટીદાર સમાજના અગ્રણીઓએ પણ નિવેદનનો વિરોધ નોંધાવ્યો છે.

વિવાદ હવે 'મેલું ઉપાડવા'થી આગળ, અનામતની રાજનીતિ સુધી

બાપુના ખુલાસા બાદ સમગ્ર વિવાદનું રાજકીય કેન્દ્ર હવે બદલાતું દેખાઈ રહ્યું છે. સવર્ણ સમાજના સંગઠનો વાઘેલાની ટિપ્પણીને સમાજના અપમાન તરીકે જોઈ રહ્યા છે, જ્યારે વાઘેલા તેને અનામતના હક અને ભાજપ સરકારની નીતિના વિરોધ સાથે જોડી રહ્યા છે. એટલે સાગબારાથી શરૂ થયેલો વિવાદ હવે માત્ર એક ટિપ્પણી પૂરતો ન રહેતાં અનામત, સામાજિક ન્યાય અને ભાજપની નીતિ સામેના રાજકીય આક્ષેપો સુધી પહોંચ્યો છે. આ દરમિયાન વાઘેલાનો આક્રમક અંદાજ અને માફી નહીં માંગવાની જાહેરાતે વિવાદને વધુ રાજકીય બનાવી દીધો છે. હવે બ્રહ્મ સમાજ અને અન્ય સવર્ણ સંગઠનો આગામી દિવસોમાં શું વલણ અપનાવે છે અને બાપુના ખુલાસા બાદ ભાજપ તરફથી કેવો રાજકીય જવાબ આવે છે તેના પર સૌની નજર છે.

સુડોકુ ૬૬૪૬ 'ક્લિક'

૬	૫	૩	૪	૨	૯	૧	૮	
				૭	૧		૬	૪
૭		૪	૮	૫			૯	૩
૩		૧	૨	૬	૫			
		૨		૯		૩	૧	
				૪		૯		
	૮	૯	૬			૭		
	૭	૬	૫	૧	૪	૮	૩	
							૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિકુઠાર રસ

કૃમિકુઠાર રસની એકથી બે ગોળી, નાગરમોથના ઉકાળા સાથે આપવાથી સારું પરિણામ મળે છે.

શબ્દગુંફન - ૭૨૬૨

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. અવલોકન, નિરીક્ષણ (૪)
૪. મા-બાપ (૪)
૭. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૯. શરીર (૨)
૧૧. સીતાના પિતા (૩)
૧૩. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૪. શુધ્ધ, પવિત્ર (૩)
૧૬. લાગ, પ્રસંગ (૨)
૧૭. હોડી, વહાણ (૨)
૨૦. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૧. કથા, કહાણી (૨)
૨૨. અંત, છેડો (૨)
૨૪. હાથી (૨)
૨૫. રડવા જેવું (૪)
૨૬. મસ્ત, ધરાયેલું (૨)
૨૭. રોષ, ગુસ્સો (૨)
૨૮. પાણી પીવાની ઇચ્છા (૩)
૨૯. ઝટ, એકદમ (૩)
૩૧. ડર, ત્રાસ (૪)
૩૩. શ્રીવિષ્ણુ (૨)
૩૪. બાઘું, મૂર્ખ (૨)

ઊભી ચાવી

૨. આંખ (૩)
૩. હોડી, વહાણ (૨)
૪. પશુ - પંખીમાં સ્ત્રી જાત (૨)
૫. સિંહ (૪)
૬. લીન, ડૂબેલું (૨)
૮. પ્રથા, રિવાજ (૩)
૧૦. મીઠું (૩)
૧૧. દુનિયા, વિશ્વ (૩)
૧૨. પ્યાલો (૨)
૧૫. મનોહર (૨)
૧૬. એક તેલી બી (૨)
૧૮. ધારો, પ્રથા (૩)
૧૯. જીતેન્દ્ર - ધર્મેન્દ્રની ફિલ્મ (૫)
૨૦. પૃથ્વી (૨)
૨૨. ઉપકાર (૨)
૨૩. જન્મદિવસ (૫)
૨૪. ભૂલભરેલું (૩)
૨૫. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૬. દૂધ દહીંની પોપડી (૨)
૨૭. પ્રકાર (૨)
૨૮. કિનારો (૨)
૩૦. છુટ્ટી, પરવાનગી (૨)
૩૧. હોડી (૨)
૩૨. કાંટો, વેર (૨)



આજનું પંચાંગ

તા. 06/10/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિ: વદ: અગિયારસ: 24:35, ઈન્દીરા એકાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-14
યોગ : સિધ્ધ **કરણ:** બવ
નક્ષત્ર : આશ્લેષા: 22:19 સુધીમાં જન્મેલાની આશ્લેષા શાંતિ કરાવવી
રાશિ: કર્ક (ડ,હ) 22:19 પછી સિંહ (મ,ટ)
દિવસ : એકાદશી શ્રાદ્ધ
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:21
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 24મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
રાહુ કાળ : બપોરે: 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ખેતાવાડી સાથે જોડાયેલ લોકોને પરેશાની અને આર્થિક ભીંસનો સામનો કરવાનું બને. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે.

વૃષભ (બ,વ,ઉ,): મિડીયા સાથે જોડાયેલને લાભ થાય. લાંબી મુસાફરી થાય. નવા સાહસિક રોકાણ થાય. સ્વજનોનો સાથ મળે.

મિથુન (ક,છ,ઘ,): વાણી પર કાબૂ રાખવો. ઘરમાં આનંદમય વાતાવરણ રહે. લાગણી પર કાબૂ રાખવો. બીજાને મદદરૂપ બનશો.

કર્ક (ડ,હ,): સર્જનાત્મક કામની કદર થાય. પરિવારનો સાથ મળે. શુભ પ્રસંગમાં જવાનું બને. અટકેલા કામ પૂર્ણ થાય.

સિંહ (મ,ટ,): સ્વાર્થી લોકથી સાવધાન રહેવુ. ભૂતકાળની ભુલોનું પરિણામ પરેશાની વધારશે. આર્થિક બાબતે સાવધાન રહેવું.

કન્યા (પ,ઠ,ણ,): અપેક્ષિત કાર્ય પૂર્ણ થાય. આર્થિક લાભની યોજના પાર પડે. પ્રેમમાં વિશ્વાસ વધે. ઈર્ષાળુથી સાવધાન રહેવું.

તુલા (ર,ત,): નવા વેપારી સોદા પાર પડે. આર્થિક લાભ થાય. કામની ગુણવત્તાથી કદર થાય. નોકરીમાં જવાબદારી વધે.

વૃશ્ચિક (ન,ય,): ધાર્મિક પ્રવાસ અને સતસંગથી શાંતિ મળે. જોકે પ્રવાસમાં પરેશાની આવે તમારી મહેનતનું ફળ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આર્થિક ભીંસનો અનુભવ થાય. કોઈનો વિશ્વાસ કરવો નહી. સ્ત્રી વર્ગ સાથે કાળજીપૂર્વક વ્યવહાર કરવો.

મકર (ખ,જ,): અટકેલાં કામમાં ગતિ આવે. દાંપત્ય જીવનમાં તાલમેળ રહે. નોકરીમાં ટેકનોલોજીથી લાભ થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): હરીફોથી સાવધાન રહેવું. સરકારી નોકરીમાં પ્રમોશન મળી શકે છે. તમારી સાલહ સાથીઓને મદદરૂપ બને.

મીન (દ,ચ,ઝ,થ,): સંતાનોના પ્રશ્નો હલ થાય. આવક વધે. નવા સામાજિક સંબંધો બને. અટકેલા કામ અને નાણાં બાબતે પ્રગતિ.

કોઈ પણ સાલમાં 06 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સામાન્ય રહે. આધુનિક ટેકનોલોજી અને સરકારી નવી નીતિઓ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવા મળે અને જવાબદારી, દોડધામ અને કાર્યબોજ વધશે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય નરમ ગરમ રહે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં વડીલોની મદદ મળે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં ચડતી-પડતી રહે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સ્ત્રી વર્ગ માટે મિશ્ર વર્ષ રહે. નોકરિયાતની અશાંતિ વધશે. નોકરી-ધંધા- સમાજ વેગેરે જગ્યાએ હરીફો વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે-સપ્ટેમ્બર, ઓક્ટોબર, શુક્ર-શનિવારે, 06, 15, 24 તારીખે નવા કામ કરવાં. સફેદ કે રંગબેરંગી રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ- ઓગસ્ટ, બુધવારે 01, 10, 19,28 તારીખે નવા કામ ટાળવો. ભૂરા રંગનો ઉપયોગ ઓછો કરવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

ભાડા વિધેયકના વિરોધમાં નીકળેલી બાઈક રેલીમાં વકીલોનો જુવાળ

મુળ રેન્ટ એક્ટ ૧૯૪૭ પ્રજાલક્ષી કાયદો છે તેનો અમલ શરૂ કરો.
લોકશાહી ઉપર તરાપ મારતો કાયદો ગુજરાત વિધેયક ૨૦૨૬ રદ કરો.

ગુજરાત સરકારના ભાડા વિધેયકના વિરોધ આજે અમદાવાદમાં વકીલો દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. લાલ દરવાજા ભદ્રાથી ઈન્કમ ટેક્સ ગાંધીજી પ્રતિમા સુધી નીકળેલી બાઈક રેલીમાં મોટી સંખ્યામાં વકીલો જોડાયા હતા. ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાડા વિધેયકનો વિરોધ કરવામાં આવ્યો હતો.

(તસવીરઃ જનક પટેલ)

આયુર્વેદ- હોમિયોપેથી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ શરૂ

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સ્નાતક આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સ્ટેટ ક્વોટા તથા 15 ટકા SFI AIQ હેઠળની આયુર્વેદ અને હોમિયોપેથી બેઠકો માટે ઉમેદવારો 8 ઓક્ટોબર 2026ના રોજ સવારે 10 વાગ્યા સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. સ્ટેટ ક્વોટામાં આયુર્વેદની 1,049 અને હોમિયોપેથીની 2,157 બેઠકો, એમ બંને અભ્યાસક્રમોની મળીને કુલ 3,206 બેઠકો ખાલી છે. આયુર્વેદ અને હોમિયોપેથીના સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી, મેનેજમેન્ટ અને NRI બેઠકો માટે ઉમેદવારોએ નિયત ઓનલાઈન પોર્ટલ મારફતે ચોઈસ ફિલિંગ કરવાની રહેશે. જ્યારે 15 ટકા SFI AIQ હેઠળની આયુર્વેદ અને હોમિયોપેથી બેઠકો માટે અલગ ઓનલાઈન પોર્ટલ પર ચોઈસ ફિલિંગ કરવાનું રહેશે. બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડ બાદ NRI તથા PwD ક્વોટાની નોન-કન્વર્ટેડ બેઠકો, પ્રથમ રાઉન્ડમાં નોન-રિપોર્ટેડ રહેલી બેઠકો તેમજ નવી મંજૂર થયેલી બેઠકો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવશે.

એમબીબીએસ-ડેન્ટલ પ્રવેશ માટે ત્રીજા રાઉન્ડની આજથી ચોઈસ ફિલિંગ

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સ્નાતક મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ કાર્યક્રમ આવતીકાલ તા. 6 ઓક્ટોબરથી 10 ઓક્ટોબર 2026 સવારે 10 વાગ્યા સુધી કરી શકાશે. આ રાઉન્ડમાં બીજા રાઉન્ડમાં નોન-રિપોર્ટેડ રહેલી તેમજ રદ થયેલી બેઠકો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવશે. ત્રીજા રાઉન્ડમાં એમબીબીએસની કુલ 471 અને ડેન્ટલની 304 મળી કુલ 775 બેઠકો ઉપલબ્ધ છે. જેમાં એમબીબીએસની 439 નોન-રિપોર્ટેડ અને 32 રદ થયેલી બેઠકોનો સમાવેશ થાય છે. જ્યારે ડેન્ટલમાં 272 નોન-રિપોર્ટેડ અને 32 રદ થયેલી બેઠકો ઉપલબ્ધ છે. પ્રવેશ સત્તાવાળાઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓને ચોઈસ ફિલિંગ પહેલાં કેટેગરી પ્રમાણે ઉપલબ્ધ તમામ કોલેજોની બેઠકો, જેમ કે GQ, MQ અને NRI તેમજ સંબંધિત અભ્યાસક્રમની ટ્યુશન ફી અને અન્ય લાગુ પડતી ફીની વિગતો કાળજીપૂર્વક તપાસવા સૂચના આપી છે. સાથે જ પોતાની નાણાકીય ક્ષમતા અને ફીની વ્યવસ્થા અંગે અગાઉથી ખાતરી કરવા જણાવાયું છે. ત્રીજા રાઉન્ડમાં બેઠક ફાળવાયા બાદ ઉમેદવાર નિર્ધારિત સમયમર્યાદામાં સંબંધિત સંસ્થામાં રિપોર્ટિંગ નહીં કરે તો તેની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત થશે. આવા ઉમેદવારને પ્રવેશના ચોથા રાઉન્ડમાં ભાગ લેવાની પાત્રતા રહેશે નહીં. તેથી વિદ્યાર્થીઓએ પોતાની નાણાકીય ક્ષમતા, ફીની ઉપલબ્ધતા અને જરૂરી નાણાકીય સહાય અંગે સંપૂર્ણ ખાતરી કર્યા બાદ જ જવાબદારીપૂર્વક ચોઈસ ફિલિંગ કરવા સૂચના આપવામાં આવી છે.

બીએસસી નર્સીંગ સહિતના અભ્યાસક્રમોમાં ત્રીજા રાઉન્ડ પછી 32,351 બેઠકો હજુ ખાલી

અમદાવાદઃ બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયા પૂર્ણ થતા, ત્રીજા રાઉન્ડમાં કુલ 6,372 વિદ્યાર્થીઓને બેઠકો ફાળવવામાં આવી છે, જ્યારે રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ 32,351 બેઠકો ખાલી રહી હોવા પામી છે. આ પ્રવેશ પ્રક્રિયામાં બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી, GNM, ANM, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, B.ASLP તેમજ નેચરોપથી સહિતના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. ત્રીજા રાઉન્ડ બાદ અત્યાર સુધીમાં કુલ 20,855 બેઠકો ભરાઈ હોવાનું જણાવાયું છે. નવા એલોટમેન્ટ મેળવનારા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફી ભરવાની પ્રક્રિયા આજે ૫મી ઓક્ટોબરથી 9 ઓક્ટોબર 2026ના રોજ બપોરે 3.30 વાગ્યા સુધી ચાલુ રહેશે. જ્યારે એક્સિસ બેન્કની નિયત શાખાઓમાં ઓફલાઈન ફી ભરવાની સુવિધા પણ 5 ઓક્ટોબરથી 9 ઓક્ટોબર સુધી ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓએ માન્ય હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરી અસલ પ્રમાણપત્રો જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. આ પ્રક્રિયા 6 ઓક્ટોબર સવારે 10 વાગ્યાથી 10 ઓક્ટોબર બપોરે 12 વાગ્યા સુધી રહેશે.

કથિત રીતે સુરતના જમીન હસ્તાંતરણ પ્રકરણમાં GRTના પ્રમુખને મહેસુલમાંથી હટાવી દેવાયા

GRTના પ્રમુખ અતુલકુમાર રાવલ સામે ગંભીર ફરિયાદો હતી

વહીવટી કારણોસર તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવામાં આવી

ગાંધીનગરઃ ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલ (GRT)ના પ્રમુખ અતુલકુમાર રાવલને તાત્કાલિક અસરથી તેમના હોદ્દા પરથી દૂર કરી દેતાં મહેસૂલી અને કાયદાકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. સત્તાવાર વર્તુળો અને મળતી વિગતો અનુસાર, તેમની સામે આવેલી ગંભીર ફરિયાદો તથા વહીવટી કારણોને પગલે રાજ્ય સરકારે આ કાર્યવાહી કરી છે. જમીન અને મહેસૂલી વિવાદોના નિકાલ માટેની રાજ્યની મહત્વની અર્ધન્યાયિક સંસ્થાના વડા સામે લેવાયેલા આ નિર્ણયને મહેસૂલ વિભાગની મહત્વપૂર્ણ કાર્યવાહી તરીકે જોવામાં આવી રહ્યો છે.

અતુલકુમાર રાવલ મૂળ સુરતના વતની છે અને કાયદાકીય ક્ષેત્રના અનુભવને આધારે જીઆરટીના પ્રેસિડેન્ટ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. જોકે, તેમની સામે ફરિયાદો થયા બાદ મહેસૂલ વિભાગ દ્વારા હવે તેમને પદ પરથી દૂર કરવાનો નિર્ણય લેવાયો છે. આ કાર્યવાહીની પાછળની ચોક્કસ ફરિયાદો અને તેના તારણો અંગે સરકાર તરફથી વિગતવાર કારણો જાહેર થવાના બાકી છે. દરમિયાન, સુરતમાં એક વ્યક્તિને ખેડૂત તરીકે દર્શાવી જમીન હસ્તાંતરણને કાયદેસર ઠરાવવાના એક પ્રકરણની પણ મહેસૂલી વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે. જોકે, આ પ્રકરણ અને રાવલને પદ પરથી દૂર કરવાની કાર્યવાહી વચ્ચે સીધો સંબંધ હોવાની સત્તાવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી.

મહેસૂલી તંત્રમાં કડક કાર્યવાહીની ચર્ચા

જીઆરટીના પ્રમુખ સામેની કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રમાં જવાબદારી નક્કી કરવા અંગે પગલાં લેવાઈ રહ્યાં છે. તાજેતરમાં બે આઈએએસ કે. રાજેશ અને ગૌરવ દહિયા સહિતના બે અધિકારીઓ સામે પણ ફરજમાંથી દૂર કરવાની કડક કાર્યવાહી થઈ હોવાને પગલે મહેસૂલી તંત્રમાં લેવાયેલા આ નિર્ણયને લઈને પણ ચર્ચા તેજ બની છે. ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલ રાજ્યમાં જમીન અને મહેસૂલી વિવાદોના નિકાલ માટેની મહત્વપૂર્ણ અર્ધન્યાયિક સંસ્થા છે. તેના પ્રમુખને તાત્કાલિક અસરથી દૂર કરવાના નિર્ણયથી હવે ટ્રિબ્યુનલના આગામી વહીવટી સંચાલન અને નવા પ્રમુખની નિમણૂક અંગે પણ નજર રહેશે.

રાજ્યભરમાં મહેસૂલી કર્મચારીઓ સામૂહિક સીએલ, કામગીરી ખોરંભે

જો નિરાકરણ નહીં આવે તો 7 ઓક્ટોથી અનિશ્ચિત હડતાળ

અમદાવાદઃ પ્રમોશન, બદલી, ફિક્સ પે સહિતની વિવિધ પડતર માંગણીઓનું નિરાકરણ નહીં આવતાં ગુજરાત રાજ્યના 10 હજારથી વધુ મહેસૂલી કર્મચારીઓ આજે સામૂહિક રજા પર ઉતરી ગયા હતા. રાજ્યભરના રેવન્યુ ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદારો આ આંદોલનમાં જોડાતા કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી અને જનસેવા કેન્દ્રો સહિતની સરકારી કચેરીઓમાં મહેસૂલી કામગીરીને અસર પહોંચી હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે પ્રમોશન, બદલી, ફિક્સ પે સહિતની વિવિધ પડતર માંગણીઓનું નિરાકરણ નહીં આવતાં ગુજરાત રાજ્યના 10 હજારથી વધુ મહેસૂલી કર્મચારીઓ આજે સામૂહિક રજા લઈ વિરોધ વ્યક્ત ક્યો હતો. તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે જો સરકાર દ્વારા માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો 7 ઓકટો. થી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

વિદેશથી એમબીબીએસ કરનારા ઈન્ટર્ન ડોક્ટરોને પણ રૂ.21,840 સ્ટાઈપેન્ડ મળશે

સરકારી- GMERS મેડિકલ કોલેજોમાં ઇન્ટર્નશીપ કરતા 350 જેટલા વિદ્યાર્થીઓને લાભ

ગાંધીનગરઃ વિદેશથી એમબીબીએસ કરી ભારતમાં ફરજિયાત ઈન્ટર્નશીપ કરતા તબીબી વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. હવે ગુજરાતની સરકારી અને GMERS મેડિકલ કોલેજોમાં ઈન્ટર્નશીપ કરતા વિદેશી એમબીબીએસ ગ્રેજ્યુએટ્સને પણ અન્ય ઈન્ટર્ન ડોક્ટરોની સમકક્ષ દર મહિને રૂ.21,840નું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અંદાજે 350 જેટલા ઈન્ટર્ન ડોક્ટરોને સીધો લાભ મળશે. રાજ્યની સરકારી તથા GMERS મેડિકલ કોલેજોમાં 1 જૂન, 2026 અને 1 ઓક્ટોબર, 2026થી ઈન્ટર્નશીપ પોસ્ટિંગ મેળવનારા વિદેશથી MBBS કરેલા વિદ્યાર્થીઓને દર મહિને રૂ.21,840નું સ્ટાઈપેન્ડ મળવાપાત્ર રહેશે. આશરે 350 જેટલા વિદ્યાર્થીઓને તેનો સીધો લાભ મળશે.